## પ્રવચનકાર

પૂ. સુવિશુદ્ધ મોક્ષમાર્ગ પ્રરૂપક વ્યાખ્યાન વાચસ્પતિ
જિનાજ્ઞા મર્મવેદી. સ્યાદ્વાદસિદ્ધાંતકર્ણધાર
આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

## સંગ્રાહક

પૂ. અનુપમસમતાસાધક સ્વ. મુનિપ્રવર શ્રી નયદર્શન વિજયજી મ.સા.

## સંપાદક

પૂ. મુનિપ્રવર શ્રી નયવર્ધનસૂરીશ્વરજી મ.સા.

- ધર્મ પામ્યો એટલે શું ? ધર્મી કોને કહેવાય ? જેને અધર્મ માત્ર ગમે નહિં.
- નિશ્ચય જેના હૈયામાં નહિં એનો વ્યવહાર પણ ખોટો.
- પાપથી દુઃખ આવે એવું જાણ્યા પછી પાપ કરતાં પ્રથમ હૈયું કંપે એ પછી હાથ કંપે.
- ખરા ધર્મીથી કોઈ અધર્મ પામે જ નહીં. ખરા ધર્મીથી બધા ધર્મ જ પામે.
- 'સંસાર છોડવા જેવો છે અને મોક્ષ જ મેળવવા જેવો છે'. ધર્માત્માનો આ મુખ્ય સિદ્ધાંત છે.
- સંસાર જેવો કોઈ રોગ નથી. મોક્ષ જેવું કોઈ આરોગ્ય નથી. ધર્મ જેવું કોઈ ઔષધ નથી... રોગી માણસને રોગ ક્યારે મટે ? આરોગ્ય ક્યારે મળે ? આ વાત ક્યારે યાદ ન હોય ? સદા યાદ જ હોય. તેમ ધર્મીને સંસાર ક્યારે છૂટે ને મોક્ષ ક્યારે મળે તે સદા યાદ જ હોય.
- ધર્મીને ય ક્યારેક કષ્ટો ખૂબ આવે. પણ તેમાં જો મક્કમ રહે તો તેનાથી ચમત્કાર સર્જાય.
- નવપદને પામેલા આત્માને સંસારમાં ગમે તેટલી રિદ્ધિ સિદ્ધિ મળે તેથી આનંદ થાય ? ના અવિરતિના યોગે ક્યારેક આનંદ થઈ પણ જાય તો પણ તેનું તેને ભારોભાર દુઃખ હોય.
- નવપદ પામેલાનું શરીર સંસારમાં હોય અને મન મોક્ષમાં હોય.

- મોક્ષ કોને ગમે ? કોને ફાવે ? જેને સંસારના સુખની કોઈ સામગ્રી ન ગમે તેને.
- જ્યાં સુધી નિઃસ્વાર્થપણે ધર્મ ન થાય ત્યાં સુધી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય જ નહિં.
- ધર્મ કરવા સિવાય કશું કરવા જેવું નથી, આવી તત્ત્વબુદ્ધિ થવી અતિદુર્લભ છે. તત્ત્વબુદ્ધિ પ્રાપ્ત થયા પછી શ્રદ્ધા થવી અતિ દુર્લભ છે. શ્રદ્ધા થયા પછી તે પ્રમાણે જ કરનારા વિરલ હોય છે.
- તત્ત્વજ્ઞાન દિન-પ્રતિદિન વધતું જ જોવું જોઈએ.
- શાસ્ત્રે કહ્યું છે કે ક્રોધ માન માયા લોભના આવેશમાં મૌન જ રહેવું જોઈએ.
- સુખ ભોગવવાની ઈચ્છા અને દુઃખ ટાળવાની ઈચ્છા એ દુર્ધ્યાન છે.
- પુણ્યમાં મુંઝાઈ જાય અને પાપમાં ગભરાઈ જાય તે સંસારમાં રખડ્યા જ કરે.
- સંસારમાં રહેલાં જીવો મોટા ભાગે પાપી જ હોય. તે ધર્મ સમજે ત્યારે સારા બને.
- જ્યાં સુધી પોતે પોતાની જાતને સમજાવી ન શકે ત્યાં સુધી તીર્થંકરો પણ તેને સમજાવી ન શકે.
- શક્તિ જેટલો ધર્મ થતો નથી તેનું દુઃખ પણ થતું નથી - તેનુંય જેને દુઃખ નથી તેને તો નઠોર જ કહેવાય.
- ખરેખરો સંસાર એટલે આ શરીર છે. તેને પાંચ ઈન્દ્રિયો મળી છે તે તો મોહની દૂતી છે આત્માને ઘેલો બનાવીને દુર્ગતિમાં મોકલનાર તે જ છે.
- કુમત કે કુવસ્તુ ઉપરનો રાગ તે રિષ્ટરાગ।
- ખરેખર ભાવ શ્રાવક કે ભાવ સાધુ બનવા માટે ઘણું ઘણું ખોટું છોડવું પડશે. ઘણી ઘણી કુટેવો છોડવી પડશે. ઘણું ઘણું સંયમી બનવું પડશે.
- સાધુએ સદા વિચારતાં રહેવું જોઈએ કે - મારી ચાલ લોક જુએ તો ધર્મ પામે તેવી હોવી જોઈએ. મારી વાત લોક સાંભળે તો ધર્મ પામે તેવી હોવી જોઈએ. મારું વર્તન પણ લોક જુએ તો ધર્મ પામે તેવી હોવું જોઈએ.
- ધર્મની પ્રાપ્તિ થઈ તેનું પહેલું લીંગ જ ઔદાર્ય છે. ઉદારતા વગર ગુણોની પ્રાપ્તિ દુર્લભ છે.
- પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું બરાબર પાલન કરતો સાધુ, ખાતાં ખાતાં કે ગમે તે ક્રિયા કરતાં કરતાં પણ સદા નિર્જરા જ કરે છે.
- જેના મન-વચન અને કાયા ભગવાનને અને ભગવાનની આજ્ઞાને સમર્પિત હોય, તેવો જ્ઞાની શ્વાસોશ્વાસમાં કઠિન કર્મોનો પણ ક્ષય કરે છે.
- અરિહંત ને જે દેવ તરીકે માનતો હોય, તેમના જ જે દર્શન-વંદન-પૂજન કરતો હોય, સાધુ પાસે જે રોજ આવતો હોય, તેમની ખૂબ ખૂબ ભક્તિ પણ કરતો હોય, તોય જે સંસારમાં મજેથી રહેતો હોય, તેમાં તેને દુઃખ પણ ન હોય, તે ખરેખર સાચો શ્રાવક જ નથી.
- દુર્ગતિમાં જવાનો જેને ભય સમજાય જાય તે ઓછું ભણેલો - સમજેલો હોય તો પણ ડાહ્યો થઈ જાય.
- જેમ બોજો ઉપાડી રસ્તે ચાલનાર મુસાફર થાક ઉતારવા ઝાડ આવેએટલે તેના છાંયડે બેસે પણ ક્યારે ઉઠુ અને ક્યારે જ્યાં જવું છે ત્યાં પહોંચું, તેમજ તેને થયા કરે. તેમ શ્રાવક પણ સમક્તિની હાજરીમાં આયુષ્યનો બંધ પાડે તો વૈમાનિક દેવનું જ બાંધે. પણ સમકિત સાચવી રાખે, તો તે દેવભવનું આયુષ્ય પણ ક્યારે પુરું થાય, ફરી મનુષ્ય

ક્યારે થાઉં અને ક્યારે વહેલામાં વહેલો મોક્ષે જાઉં તેમ જ તેને થયા કરે. માનવભવમાં પણ સમકિતની હાજરી વખતે પુણ્યના પ્રભાવે સુખ ઘણા મળે પણ તેનાથી ક્યારે છુટું, ક્યારે સાધું થાઉં અને મોક્ષે જાઉં તેમ જ તેને થયા કરે.

- કર્મ તો સદા આત્માની સાથે બેઠા જ છે અને પાપ કરાવી દુર્ગતિમાં મોકલી આપવા તત્પર જ છે. તેને દબાવી દબાવીને ધર્મ કરી કરીને, કર્મને હટાવવાના છે. આવુ જે ન સમજે તે સાધુપણું કે શ્રાવકપણું શું પાળવાના હતાં ?
- આજે વેષધારી સાધુઓ ધર્મને કે શાસનને જેટલું નુકશાન પહોંચાડી રહ્યા છે તેટલું બીજા કોઈ નથી પહોંચાડતા.
- સારા વેશમાં આવેલાનું સ્વાગત કરવું તે ડાહ્યા માણસનો ગુણ છે પણ ઓળખ્યા વગર તેનું માનવું તે મૂરખાનો ગુણ છે.
- ધર્મ કરનારો આદમી પણ સુખને ભોગવવા લાયક માને અને દુઃખ ન ભોગવવા લાયક માને ત્યાં સુધી તે ખરેખર ધર્મી જ નથી.
- દરરોજ સારું સારું ખાનારા-પીનારા-પહેરનારા, આ પોતાનો દુર્ગતિમાંજવાનો ધંધો છે તેમ માને ખરા ?
- નમસ્કાર લેવાની લાયકાત વગરના, લોકોના નમસ્કાર લઈને જો રાજી થાય તો તે દુર્ગતિમાં જ જવાના.
- જેને મોક્ષની ઈચ્છા નહીં તેને સમકિત નહીં. શ્રાવકપણું નહીં, સાધુપણું નહીં. અપુનર્બંધક દશા પણ નહિ.
- શ્રી સુધર્માસ્વામીજીની પાટ પર બેસીને લોકોને ગમે, તેવું જ બોલનારા સાધુઓ તો ભગવાનનો વિશ્વાસઘાત કરનારા છે.
- ચોવીશે કલાક મોક્ષ યાદ હોય તે જ સાચું સાધુપણું કે શ્રાવકપણું પાળી શકે. મોક્ષ ભૂલી જાય તેનાથી તે કદી ન બને.
- મોક્ષમાં જવાનો નિર્ણય એ એકડો. આ નિર્ણય વિનાની બધી જ ધર્મક્રિયાઓ એકડા વિનાના મીંડા જેવી છે.
- ધર્મી દરિદ્રી હોય, તો ય તે હૈયાથી સુખી; અધર્મી અબજોપતિ હોય તોય તો હૈયાનો દુઃખી ।
- દુઃખમાં સમાધિથી અને સુખમાં વિરાગથી જીવે તે સમકિતી.
- જેના વિના ન જીવી શકાય તેવી ચીજોનો ખપ તે આજીવિકા.
- ધર્મરત્નના અર્થી કોણ હોય શકે ?

  સંસારનું સ્વરૂપ જ્ઞાની ભગવંતોએ વર્ણવ્યું છે, તે બરોબર સમજાય જાય, સંસારમાં પુન્યથી સુખ મળે છે, પાપથી દુઃખ મળે છે, દુઃખ પાપથી જ (પોતાના) આવે છે અનેતે સહન કરી લેવું જોઈએ અને સુખ જો મજેથી ભોગવાય જાય તો ઘણો કાળ દુર્ગતિમાં ભટકવું પડે, કારણ કે તે જ પાપનું મૂળ છે. આવી બધી વાતો સમજે તેને જ અર્થીપણું આવે.
- અગીતાર્થ પરહિત કરી શકે નહી, કારણ અજ્ઞાન જેવું કોઈ પાપ નથી. તેનાથી બીજાનું અહિત થયા વિના રહે નહિ.
- મંદમતિવાળાજીવોને - નિરીહ ચિત્તવાળા ગીતાર્થો સ્થિર કરે છે.
- ભણેલો પણ જો સ્પૃહા રાખીને પરોપકાર કરવા જાય તો તેની ય કિંમત નહિ. ગીતાર્થ હોય અને નિઃસ્પૃહ હોય તે જ પરહિત કરી શકે.
- ગીતાર્થ તેનું જ નામ કે જે નિઃસ્પૃહ હોય.

- મોહને આધીન થાય તોગીતાર્થ પણ મરે.
- જે નિરીહ ચિત્ત ન હોય તે ઉપદેશ આપવા માટે લાયક નથી. નિરીહ-ચિત્ત એટલે નિઃસ્પૃહતા.
- અનુગ્રહ બુદ્ધિથી ઉપદેશ દેનારાનું કોઈ ન માને તો પણ ઉપદેશ દેનારાનું એકાંતે કલ્યાણ જ થાય છે.
- અવિનીત ને ભણાવવા એટલે દૂધ પાઈને સાપ ઉછેરવા.
- દુઃખમાં સમાધિ રાખતાં શીખવવું અને સુખમાં વિરાગ રાખતા શીખવવું તેનું નામ હિત.
- આપણી પાસે હોય તો દાન શું કામ ન કરવું - આવો વિચાર કદી આવ્યો છે ખરો ?
- ધર્મદેશના જેવો કોઈ ઉપકારનો માર્ગ નથી.
- જેને મોક્ષમાં જવું ન હોય તેની સદ્ગતિ પણ દુર્ગતિ માટે છે.
- આત્માને સદા રહેવા માટે મોક્ષ સિવાય કોઈ સારી જગ્યા જ નથી.
- જૈન કુટુંબમાં દીક્ષા સુલભ છે તેમ કહેવાય છે તે શાથી ? જૈનો સંસારમાં દુઃખી હૃદયે જ જીવતા હોય છે અને પોતાના સંતાનોને સાધુ થવાની જ પ્રેરણા કરતા હોય તેવા કુટુંબોમાં દીક્ષા સુલભ હોય.
- મનુષ્યગતિ એટલે મોક્ષે પહોંચાડનારી ગતિ.
- જેનામાં મોક્ષનું અર્થીપણું ન જાગે તે દીક્ષા લેવા માટે પણ નાલાયક છે.
- ખાવાપીવામાં જેને મજા આવે. મોજમજામાં જેને મજા આવે, તેને માટે મનુષ્યગતિ એ સદ્ગતિ છે જ નહિ, એ તો દુર્ગતિનું કામ કરે છે.
- લક્ષ્મી જેને કમાવવી-મેળવવી જ ગમે છે પણ દાન કરવું ગમતું નથી તેને માટે પણ મનુષ્યગતિ દુર્ગતિરૂપજ બને છે.
- મનુષ્યગતિમાં મોક્ષની ઈચ્છા વગરનો વધુને વધુ પાપ કરી દુર્ગતિમાં જ જાય.
- સમકિત પામેલો હાથમાં આવી ગયો કહેવાય અને સમકિત પામવાની ઈચ્છા વગરના હાથમાં આવેલા પણ આવેલા નથી છટકી ગયેલા છે.
- ખાતાં, પીતાં, હાલતાં, ચાલતાં દરેક ક્ષણે મોક્ષ યાદ આવે તે સદ્ગતિમાં આવ્યો કહેવાય.
- હું સંસારમાં બેઠો છું પણ સંસારનો નથી. મોક્ષ જ મારું ખરું સ્થાન છે - તે સદંતર ભાવવાનું છે.
- જે સુખ ભગવાનને ભૂલાવે તેસુખ જોઈએ જ નહિ.
- જે દુઃખ ભગવાનને યાદ કરાવે તે ભલે રહ્યું.
- ધર્મી અધર્મ કરીને ગબડે - અધર્મી તેવો ન ગબડે.
- ધર્મ પામવા માટે યોગ્યતા જોઈએ જ અને યોગ્યતા પામવા માટે ગુણો જોઈએ જ.

- સદ્‌ગતિ સદાચારીઓ માટે છે દુરાચારીઓ માટે નથી.
- ભગવાનના ચારે પ્રકારના સંઘમાં સાધુ-સાધ્વી-સંસારની સારી લાગતી પણ ચીજોના ત્યાગી અને શ્રાવક-શ્રાવિકા તે વસ્તુને ભૂંડી માનનારા - ત્યાગ કરવાની ભાવનાવાળા હોય.
- ઉદારના લક્ષણો :
- જેટલા પૈસા ખર્ચ્યા તે ઓછા લાગે અને ઘરમાં રહ્યા તેનું દુઃખ હોય તે ખરો ઉદાર કહેવાય.
- સુખની ઈચ્છા પાપના ઉદયથી થાય, સુખ મળે તે પુણ્યોદય, તેને ભોગવાનું મન પાપના ઉદયથી થાય.
- આજનો યુગ એ બુદ્ધિયુગ છે કે બેવકૂફ યુગ છે ?
- સુખમય સંસાર તમને સાચું સમજવા દેતો નથી. આ સંસારની પાછળ દુઃખના દરિયા ઘૂઘવાટ કરી રહ્યા છે. પણ સુખનો રાગ તમને તેના દર્શન જ થવા દેતો નથી. સુખમાં ય મજા કરી શકાય, પાપમાં યે મજા કરી શકાય અને ધર્મીમાં ય ખપી શકાય - આવો ધર્મ આજે ઘણા ખરા માણસોને જોઈએ છે. આવો ધર્મ ભગવાને કોઈ જગ્યાએ બતાવ્યો નથી તો પછી હું તમને ક્યાંથી બતાવી શકું ? સુખમય સંસાર પર વિરાગ થયા વિના ધર્મ આવે જ નહિં.
- વિનય વગર જ્ઞાન મેળવનારા બેવકૂફો પાક્યા છે. ગુરુની આજ્ઞા વગર શાસ્ત્રના પાનાને અડવાનો અધિકાર નથી. જ્ઞાની ભગવંતો એ યોગ અને આજ્ઞામુજબની ક્રિયા કર્યા પછી જ શાસ્ત્ર ભણવાનો અધિકાર આપ્યો છે.
- જ્ઞાન જેમ જેમ આવે તેમ નમ્રતા વિનયાદિ ગુણો વધતા જ જાય. પોતાનું બધાને આપે અને કોઈનું કાંઈ લેવાનું મન નહિં તેનું નામ ધર્મી.
- ચારિત્રની ઈચ્છા જ જેને ન હોય તેનામાં દર્શન કે જ્ઞાન હોઈ શકે જ નહિં.
- વિનયથી જ્ઞાન, જ્ઞાનથી દર્શન અને દર્શનથી ચારિત્ર આવે.
- શ્રાવકમાં દર્શન અને જ્ઞાન બે હોય શકેછે. આ બે પણ ન હોય તો તે શ્રાવક જ ન હોય.
- ઉત્તમ જીવનો વિનય કરે તે ઉત્તમ થાય. મોટાનો વિનય કરવો જોઈએ. મોટા પણ જેને પૂજનિક માનતા હોય તેનો પણ વિનય કરવો જોઈએ.
- સંસારનું સુખ એટલે પાપ કરાવનાર મોટામાં મોટું સાધન.
- અવિરતિ નામના પાપથી બચવા માટે એક મનુષ્યભવ જ સુંદર સાધન છે.
- સુખમાં મજા એટલે મોટામાં મોટી સજાનું કારણ.
- વિનયનું ફળ શુશ્રુષા, શુશ્રુષા એટલે શીખામણ સાંભળવાની તૈયારી, શિખામણ આપનાર મળે તે બહુ ગમે.
- ધર્મ કરનારાઓને અધર્મ, અધર્મ નથી લાગતો તે એક મોટી ચિંતાનો વિષયછે.
- બધા કાળજા ખરાબ કરી નાંખે તેનું નામ છે 'કોલેજ'
- ૭૨ કળા ભણેલા પંડિતો પણ જો ધર્મનું જ્ઞાન ન મેળવે તો તે અપંડિત જ છે.

- માણસનો આત્મા કિંમતી છેકે પૈસો કિંમતી છે ? અનીતિ આદિથી પૈસા મેળવી-મેળવીને આત્માને દુઃખોમાં ધકેલી રહ્યા છો તે નથી સમજાતું ?
- દુઃખ મજેથી ભોગવે એ દુનિયામાં પણ ઉંચો, સુખ મજેથી ભોગવે એ બેવકુફ.
- સંસારનું સુખ ગમ્યું, રાગ થયો અને જો તેનું દુઃખ ન થાય તો સમકિત ચાલ્યું સમજો.
- ખાવા-પીવાની વસ્તુઓમાં સ્વાદ એ જ ઝેર છે. તેમાં સ્વાદ ન આવવો, રાગ ન થવો એ ઘણું જ કઠિન છે. સ્વાદ આવી જાય અને ગમી જાય એટલે સમકિત, શ્રાવકપણું કે સાધુપણું પણ ચાલ્યા જવાનો સંભવ છે.
- સમકિતી એટલે સંસારના સુખનો વૈરી.
- ખોટાને ખોટું અને સાચાને સાચું માનતા નથી તેથી જ આજે બધા દોષી પેસી ગયા છે.
- ભગવાનનો સંઘ એટલે ચતુવિર્ધ સંઘ. ચતુર્વિધ સંઘ એટલે સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકા.... સાધુ-સાધ્વી મોક્ષની જ સાધનામાં તલ્લીન હોય. ઉત્તરોત્તર ઉંચા ને ઉંચા ગુણસ્થાનક પ્રાપ્ત કરવાની ભાવનામાં રમતા હોય અને શ્રાવક-શ્રાવિકા સદા ધર્મક્રિયા અને ધર્મના કામો આદરપૂર્વક-વિધિપૂર્વક કરતા હોય અને સંસારના કામો ન છૂટકે કરવા પડતા હોય માટે કરતા હોય.
- ભગવાનનો સંઘ પોતાના પ્રાણ કરતાં પણ ભગવાનના શાસનને અધિક માનતો હોય.
- સંઘનો પૂજારી એટલે સાધુ-સાધ્વીના સાધુપણાનો અને શ્રાવક-શ્રાવિકાના શ્રાવકપણાનો પૂજારી હોય. સંઘપૂજા એ અતિ મહત્ત્વનું કાર્ય છે.
- સંસારિક કુટુંબીઓએ કર્મે સર્જેલા છે જ્યારે સાધર્મિકોએ ધર્મે સર્જેલા છે.
- વીતરાગ હૈયામાં ન રાખે. સાધર્મિકોનું વાત્સલ્ય ન કરે અને દીન-અનાથની દીનતા ન ટાળે તેનો જન્મ એળે જાય છે.
- ધર્મી એટલે કોઈની સાથે વેરભાવ નહી કરનાર, કદાચ વેરભાવ થઈ જાય તો પોતાની ભૂલ હોય તો કબૂલ કરી ક્ષમાપના કરી લે. સામી વ્યક્તિ કદાચ ક્ષમાપના ન કરે તો પણ આરાધકે ક્ષમાપના કરતાં જ રહેવું. સહન પણ કરતાં જ રહેવું. સહન કરતાં અને ક્ષમાશીલ રહેલાં શીખવું તે જ એકાંતે પોતાના આત્મા માટે હિતકર છે.
- વ્યક્તિ બીજો ગમે તેટલો તપ કરે, પણ જો ભગવાનની આજ્ઞા મુજબ પક્ખી ચૌમાસી અને સંવત્સરીનો તપ છતી શક્તિએ ન કરે તો તેઆજ્ઞાભંજક બને છે અને તેથી પોતાના જ આત્માનો ઘાતક બને છે.
- ઉત્સર્ગનો પ્રેમી ઉત્સર્ગ પાળવાની જ ઈચ્છાથી અપવાદને સેવે, નહિંતર તોતે માર્યો જાય.
- શ્રાવક, દેવ-ગુરુ-ધર્મને સમર્પિત જ હોય ! જે સમર્પિત ન હોય અને પોતાને શ્રાવક કહેવડાવે તે તો દુનિયાને ઠગે છે.
- ધર્મીનું પ્રથમ લક્ષણ ઔદાર્ય છે. તેથી જ ઉદાર નહીં તે સાચો ધર્મી નહિ.
- શાસ્ત્રના શબ્દોના પરમાર્થને સમજી શકે તેને જ શાસ્ત્ર વાંચવાનો અધિકાર છે.
- મજેથી ઘરમાં બેઠેલાને અમે શ્રાવક નથી કહેતા અને અહિંયા પણ મજા કરવા આવ્યો હોય એને અમે સાધુ નથી કહેતા.
- ગર્ભમાં રહેલો જીવ પર્યાપ્તો થયો એટલે સાંભળતો થઈ જાય. અનેક જીવો ગર્ભમાં જ એવી એવી ખરાબ વાતો સાંભળી નરકે ચાલ્યા ગયા અને અનેક જીવો સારી વાતો સાંભળી સ્વર્ગેય ગયા.

- મોક્ષમાર્ગ રૂપી ધર્મ વિનય વિના મળે જ નહિં. વિનય એ સર્વગુણોનું અને મોક્ષનું પણ મૂળ છે. જેના યોગે આઠે પ્રકારના કર્મોનો નાશ કરીને આત્મા હેઠ મોક્ષે પહોંચી શકે તે વિનય ગુણ છે.
- જે કાળમાં કરોડપતિ લૂંટારા હોય, તે કાળમાં ગરીબો લૂંટારા થાય તેમાં આશ્ચર્ય શું છે.
- જે આત્માઓ સાધુ થવાની જ ઈચ્છાવાળા હોય, પણ તેનાથી ઘરબાર છૂટી ન શકતા હોય, તેવાઓ માટે જ, આ શ્રાવકધર્મ ભગવાને સ્થાપ્યો છે. ઘરમાં રહેવા માટે શ્રાવકધર્મ નથી સ્થાપ્યો.
- સાધુ ન થાય તો ધર્મ ન સ્થપાય,<br>સાધુ હોય ત્યાં સુધી જ ધર્મ રહે,<br>સાધુ જાય એટલે ધર્મ પણ જાય,<br>સાધુ વિના ધર્મ ન ટકે,<br>સાધુ એટલે સાધુપણું એટલે જ ધર્મ.
- ધર્મ કોને આપી શકાય ?<br>૧. તેનામાં ધર્મનું અર્થીપણું હોવું જ જોઈએ.<br>૨. ધર્મનો અથી પણ વિનયવંત હોવો જ જોઈએ.<br>૩. સત્ત્વશાળી હોવો જોઈએ, નમાલો ન હોવો જોઈએ.
- મુહપત્તીના ૫૦ બોલમાં આખું શાસન સમજાય જાય.
- ધર્મનો અર્થી જ્યાં જ્યાં ધર્મ મળતો હોય ત્યાં ત્યાં દોડી દોડીને જાય અને ધર્મની દરેક વાત પૂછ્યા જ કરે.ચ
- ગુણોથી આત્મા કેળવાય નહીં ત્યાં સુધી તે ધર્મ માટે નાલાયક.
- ધર્મ લેવા આવનારને પ્રથમ સમજાવવું જોઈએ કે<br>– અરિહંત જેવા જગતમાં કોઈ દેવ નથી.<br>– અરિહંતના સાધુ જેવા જગતમાં કોઈ સાધુ નથી.<br>– અરિહંતે કહેલા ધર્મ જેવો જગતમાં કોઈ ધર્મ નથી.<br>આ વાત તું માનશે ખરો ? સ્વીકારશે ખરો ? તે ખાત્રી કર્યા પછી જ ધર્મ અપાય.
- બહુ કિંમતી ચીજો - હીરામાણેક વગેરે રાખવાની ચીજ – તિજોરી વગેરે ઉત્તમ જોઈએ તેમ ધર્મ પણ બહુ જ કિંમતી અમૂલ્ય ચીજ છે. તે પણ જેને તેને ન અપાય, ઉત્તમ પાત્ર જોઈને જ અપાય.

❁ સમકિતીની દૃઢ માન્યતા હોય કે
– ધર્મ તો અરિહંતે કહેલો તે જ
– ગુરુ તો અરિહંતે કહ્યા હોય તે જ
– દેવ તો અરિહંત પરમાત્મા સિવાય કોઈ જ નહિં.

❁ શ્રાવક કદી પણ ઘરે બેઠા ધર્મ થાય તેમ ન બોલે.

❁ આશય-ધ્યેય વિનાની ક્રિયાને નકામી ક્રિયા છે. મોક્ષના ધ્યેયપૂર્વકની ક્રિયા તે જ ફળ આપનારી છે.

❁ જેમ સતી સ્ત્રી એક વખત પણ બીજા ધણીને ઈચ્છે નહીં, તેમ સમકિતી કદી પણ અન્ય દેવને ઈચ્છે નહિં.

❁ દ્વાદશાંગીના એક અક્ષરને પણ ન માને તે મિથ્યાદૃષ્ટિ છે.

❁ સાધુપણું એટલે પાંચ મહાવ્રતો પાળવાની મન-વચન અને કાયાથી પ્રતિબદ્ધતા.

❁ શ્રાવક પોતાને માટે ખાવા-પીવાની રસોઈ વિગેરે પકવે તેનું દુઃખ હોય. કરવું પડે માટે કરે પણ દુઃખનો પાર નહિ. આવો આત્મા એ શાસ્ત્રથી અનિષિધ્ધ જીવ કહેવાય.

❁ પરલોકનું હિત કરનાર કોઈ હોય તો વીતરાગના વચનો સિવાય કોઈ નહીં.

❁ શ્રાવક થવા માટે રોજ જિનવચન સાંભળવું જ પડે.

❁ દીક્ષાને લાયક કોણ ?
❁ આર્યદેશ અને આર્યકૂળમાં જન્મેલો હોય, જેનો ઘણો કર્મમળ ખપી ગયેલો હોય,
❁ જેની નિર્મળ બુદ્ધિ હોય.
❁ વિષયો જેને દુઃખના હેતુભુત લાગતા હોય.
❁ સંયોગના વિયોગ થવાના જ છે એવું જાણતો હોય...
❁ વિનીત હોય.
❁ રાજ્યવિરુદ્ધ કાર્યો કરનાર ન હોય.
❁ અંગોપાંગ પૂરા હોય.
❁ સ્વભાવથી સંસારને નિર્ગુણ સમજનારો હોય.
❁ પાપના વિપાકને જાણનારો હોય.
❁ કોઈના ઉપકારને ભૂલનારો ન હોય.
❁ ગુરુને સમર્પિત હોય.
❁ શ્રદ્ધાવાન હોય.

- ધર્મ ગમે તેને અપાય નહીં. ધર્મ ગમે તે માટે અપાય નહિં. ધર્મ મોક્ષ માટે જ અપાય.
- ધર્મ કરવા આડે પાંચ પ્રમાદ નામના પાંચ પહાડ ઊભા છે – નશાખોરી, વિષય, કષાય, નિદ્રા,પાપજનકવાતો (વિકથા)
- આત્માની બધી શક્તિઓનો નાશ નિદ્રામાં થાય છે.
- શાસ્ત્રના પાઠમાં (સ્વાધ્યાયમાં) એ શક્તિ છે કે જે શાતા, નિદ્રા ન આપી શકે તે શાતા સ્વાધ્યાયથી ઉપજે.
- આ પાંચે પ્રમાદોમાં એવી તાકાત કે તમને પકડી પકડીને નરકમાં લઈ જશે.
- મજેથી ખાવું, મજેથી પીવું, તેનું નામ પણ પ્રમાદ, હવા આવે ને આનંદ પામવો એ પણ પ્રમાદ છે.
- ભાવ શું છે ? ભાવ ક્યાં પેદા થાય ?

  - જે વસ્તુ જેના માટે કરવાની હોય તેનો વિચાર તેનું નામ ભાવ ! ભાવ મનમાં પેદા થાય, માટે સૌપ્રથમ મનને કાબૂમાં લેવું જોઈએ.
- અતિચંચળ મન પણ આલંબનથી જીતાય છે.
- મન સંસારને આધીન હોય તે માર ખાય, તિરસ્કાર સહન કરે, બધા દુઃખો વેઠે. સહન કરે છતાં સંસાર ન છોડે.
- લ્હેર કરવા માટે પૈસાને ઉપાદેય માને તે શ્રાવક જ નહીં.
- ‘નવપદ’ એ મનને જીતવાનું શ્રેષ્ઠ આલંબન છે.

  અરિહંત ને અરિહંત બનાવનારા,

  સિદ્ધ ને સિદ્ધ બનાવનારા

  આચાર્ય ને આચાર્ય બનાવનારા

  ઉપાધ્યાયને ઉપાધ્યાય બનાવનારા

  સાધુનેસાધુ બનાવનારા

  ચાર તત્ત્વો છે. સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યક્ ચારિત્ર અને સમ્યક્ તપ. પાંચ પરમેષ્ટિ આ ચાર તત્ત્વના બળે બન્યા છે.
- ખાતા-પીતાં, સૂતા-બેસતાં નવકાર એટલા માટે ગણવાનો કહ્યો છે કે આ આખો સંસાર મને ખાઈ જાય તેવો છે. માટે જો હું બરોબર ભાવપૂર્વક નવકાર ગણું તો આ જગતની કોઈ પણ ચીજ મને કાંઈ પણ નુકશાન ન કરી શકે.
- સમકિતદૃષ્ટિ આત્મા ગમે તેવું પાપ કરતો હોય તો ય જ્ઞાની તેને માટે કહે છે કે તેને તે પાપ કરવું પડે છે. કર્મ તેની પાસે કરાવે છે. તેને તે પાપ કરવું નથી.
- ભગવાન કહે છે કે મારા સંઘના સાધુ-સાધ્વી કે શ્રાવક શ્રાવિકા મરીને વૈમાનિક દેવ બને કે મોક્ષે જ જાય. કારણ શું ? ‘‘ભાવ’’, પાપક્રિયા કરતાં કરતાં પણ ‘ભાવ’ સારા જાળવી શકે તો સદ્‌ગતિમાં જ જાય.

- સમકિતી સાતે વ્યસને પૂરો હોય છતાં પણ પોતાના ઉત્તમ ભાવના પ્રભાવે વૈમાનિક દેવલોકમાં જ જાય.
- ભૌતિક સુખ અને તેના બધા સાધનો તે બધા આશ્રવરૂપ છે.
- અરિહંતો કોને કહેવાય? જે નવે તત્ત્વો બતાવનાર, સમજાવનાર, પ્રગટ કરનાર છે.
- સમકિતી મરીને વૈમાનિક દેવ જ થાય. પણ તેનું પુણ્ય એવું હોય છે કેતે જ્યાં સુધી સંસારમાં રહે ત્યં સુધી અનેક આત્માઓના કલ્યાણનું નિમિત્ત બને.
- નવે તત્ત્વોના પ્રકાશમાં એક મોક્ષ જ ઉપાદેય છે. સારો ય સંસાર હેય છે તે આપોઆપ સમજાય જાય તેમ છે.
- જેને ભગવાનનો માર્ગ ગમ્યો અને આરાધ્યો તે સિદ્ધ થઈ ગયા.
- શરીરને સારું રાખવાની ઈચ્છાવાળા ભગવાનના સાધુ કે શ્રાવક હોઈ શકે નહિં.
- ભગવાને સ્થાપેલા સંઘને સાચવનાર - તેની સારસંભાળ રાખનાર 'સંઘપતિ' કહેવાય. અને તે તીર્થંકર પદ પ્રાપ્ત કરી શકે.
- સંવર ૫૭ ભેદે સેવવા લાયક છે. એમાં સંસારના સુખની એક પણ સામગ્રી નહીં આવે.
- સમજદાર ધર્મી શ્રાવક પાપ સેવે ક્યારે? ન છૂટકે જ. તે વખતે તે પુણ્યાનુબંધી પુણ્ય જ બાંધે.
- શાસ્ત્ર કહે છે કે અવિરતિ બધા પાપ કરાવે પણ જ્યારે સંસારનું સુખ ગમે ત્યારે સમકિતીને દુ:ખ થયા વગર રહે નહિં.
- મોક્ષની ઈચ્છા લઘુકર્મીને જ થાય.
- સમકિતી પાપ કરે, તેય રાચીમાચીને કરે જ નહિં.
- સમકિતી સમકિત હારી ગયા સિવાય નિકાચિત પાપકર્મ બાંધે જ નહિં.
- જેને દર્શન મોહનીયનો ક્ષયોપશમ થયો ન હોય અને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ગમે તેટલો વધુ હોય તે પોતાનું અને બીજાનું સત્યાનાશ વાળે પોતે ડૂબે અને બીજાને પણ ડૂબાડે.
- બહુ ડાહ્યા ગણાતા પણ મિથ્યાદૃષ્ટિ ને ગાંડા જ સમજવા.
- ખુદ ભગવાન પણ કહે છે કે, અમે કોઈને મોક્ષ કે સમકિત આપતા નથી. તે તો તમારી પાસે છે જ. (જીવમાત્રની પાસે છે જ.) અમે તો ફક્ત તેની સામે જે આવરણ છે એને દૂર કરવા પ્રેરણા કરીએ છીએ.
- ખાવું પડે અને ખાય, તેમાં બહુ હરકત નહીં પણ ખાવામાં સ્વાદ કરે તે મોક્ષમાં અંતરાય ઊભો કરે.
- સહન કરે એ જ ધર્મી. સહન કરવામાં ડરે તે ધર્મ નહિં. સહન કરવું એ જ ધર્મ.
- ભવ્ય જીવોમાં પણ બે પ્રકાર હોય. ભારે કર્મી ભવ્ય જીવો સંસારના સુખના અર્થી હોય, લઘુકર્મી જીવો મોક્ષના અર્થી હોય.
- ધર્મીને સાધર્મિકની ભક્તિ મળે એટલે બધું મળી ગયું તેમ લાગે. જેવીસેવા મા-બાપ ભાઈ બહેન વિગેરે કુટુંબીઓ ન કરે તેવી સાધર્મિકની ભક્તિ કરે.

❁ તમે ખરા ભાવથી દાન કરો, એટલે દાન લેનારને દાન કરવાનું મન થાય.
❁ પોતાનો દોષ જુએ નહિં. બીજાના દોષ જોયા કરે - આ બધા શાસ્ત્રકારોની દૃષ્ટિએ કર્મ ચંડાળ જેવા માણસો છે.
❁ ધર્મ કરતો જીવ સમજણના કારણે બધી રીતે સુખી જ હોય.
❁ ઉપકારીનો ઉપકાર પણ તેજ માનશે, જે સારી રીતે કર્મને સમજતો હોય.
❁ ધર્મ એ એવી ચીજ છે, જે માણસને માણસ બનાવી, દોષ બતાવી, વીતરાગ બનાવી, મોક્ષે મોકલી આપે છે.
❁ ધર્મી એટલે કેવો ? પહેલાં તો ભૂલ ન કરે અને કદાચ ભૂલ થઈ જાય તો માફી માંગ્યા વગર ન રહે.
❁ જેણે અપરાધીના અપરાધનો વિચાર ન કર્યો અને પોતાના જ અપરાધનો વિચાર કર્યો તે ઘણું ઘણું પામી ગયા.
❁ સુખ આપનારનો ઉપકાર કદી ન ભૂલાય અને દુઃખ આપનારનો અપરાધ કદી યાદ ન કરાય.
❁ માસખમણના પારણે માસખમણ કરનારો પણ ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ વર્તે, તો તેના તપથી તે પોતાનો સંસાર વધારી રહ્યો છે.
❁ સહન કરવાની શક્તિ આવી જાય છે તેવા જનાવરો પણ અકામ નિર્જરા કરી દેવલોકમાં જાય છે.
❁ દુનિયા કોઈ એવી ચીજ નથી કે જે ધર્મ ખાતર ન છોડાય, અને ધર્મ એક એવી ચીજ છે કે જે કોઈના માટે પણ ન છોડાય.
❁ પોતાની બુદ્ધિ મુજબ શાસ્ત્રસમજે અને તેના અર્થ કરે તો તે નાલાયક જ નીવડે.
❁ શ્રાવકને સંસારમાં ઉદ્વેગ હોય અને મોક્ષ પર ભારેમાં ભારે રાગ હોય. આવો રાગ પણ મોક્ષ પમાડે, આવા ક્રોધ માન માયા-લોભ પણ મોક્ષ પમાડે.
❁ વિષય અને કષાયને જ્ઞાનીઓએ ખૂબ ખૂબ નિંદ્યા છે.
❁ અરિહંતને માને અને મોક્ષની ઈચ્છા ન હોય - તે બન્ને વાતને મેળ ખરો ?
❁ મોક્ષે જવાની ઈચ્છા ન હોય તેવો માણસ મા બાપને છોડીને દીક્ષા લેવા આવે તો તેવા નાલાયકને દીક્ષા આપી શકાય નહિં.
❁ જો સંસાર રહેવા જેવો હોત તો અરિહંતો મોક્ષમાં જાત શું કામ ?
❁ શ્રાવકના કુળમાં બચ્ચું બોલતું થાય એટલે સૌ પ્રથમ 'મોક્ષ' બોલે.
❁ જેનું દર્શન મોહનીય મંદ પડ્યું તેની તો જાત જ ઊંચી હોય.
❁ જેને મોક્ષ ન જોઈતો હોય, ઈચ્છા જ ન થતી હોય તેવા આત્માઓ દાન-શીલ અને તપ ધર્મ પાળી પાળીને ય સંસારમાં ભટકવાના.
❁ મોક્ષનો અર્થી ન હોય તેને તો જ્ઞાન ન મળે તો સારુ. તેવા આત્માઓ તો જ્ઞાન ભણી ભણીને ઉલ્કાપાત મચાવવાના.
❁ મોક્ષજ મેળવવાજેવો છે આટલું સમજનારો 'જ્ઞાની' છે, તે નહિં સમજનારો ભણેલો પણ 'અજ્ઞાની' છે.
❁ સમકિત વિના કોઈ મોક્ષે જાય જ નહિં. દ્રવ્યસાધુપણા કે દ્રવ્યશ્રાવકપણા વિના મોક્ષે જાય પર ખરા.

- દેવોમાં સૌથી વધુ રિદ્ધિ પામેલા બધા ઈન્દ્રો શ્રી તીર્થંકર પરમાત્મા સિવાય કોઈની સેવા ભક્તિ કરતા નથી.
- જેમ કહેવાત છે કે ''વટલાયેલી બ્રાહ્મણી તરકડી કરતાં પણ ભૂંડી'', તેમ વટલાયેલ સાધુ (કુગુરુ) સામાન્ય માણસ કરતાં પણ ભૂંડો.
- આ સંસારના ભૂંડા સુખે આપણને બધાને ભૂંડા બનાવ્યા છે.
- કોઈ માણસ પોતે ખરાબ નથી, પણ સુખના અને પૈસાના લોભે તેને જૂઠા - બદમાશ - ઉઠાઉગીર બનાવ્યા છે.
- મોક્ષના અર્થીમાં જીવદયા તો ઠાંસી ઠાંસીને ભરી પડી હોય.
- ગરમી-ઠંડી વગેરે કષ્ટો મજેથી વેઠે તેનો પરલોક સુધરે અને ન વેઠે તેનો પરલોક બગડે.
- શ્રાવક અવિરતિની લાતો ખાતો હોય. તેને તાબે થતો હોય તેને નપુંસક જેવો જાણવો અને સાધુ જો અવિરતિની લાતો ખાતા હોય તેને આધીન બનતો હોય તો તેના જેવો જગતમાં નાલાયક કોઈ નથી તેમ જાણવું.
- દ્રવ્યસાધુ બનેલાને પણ જો એમ લાગે કે સંસારી જીવોને જે પાપો હરહંમેશ કરવા પડે છે, તેમાનું એક પણ પાપ પોતાને કરવાની જરૂર નથી, તેનો આને જો અનહદ આનંદ હોય તો તે દ્રવ્યસાધુ પણ બહુ જ ભાગ્યશાળી છે.
- અનુકૂળતાનો અર્થી એટલે મોટામાં મોટો ભિખારી.
- પુણ્યોદય, ડાહ્યાનું કલ્યાણ કરે અને ગાંડાને મારે.
- પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મનનો અસંયમ તે અવિરતિ.
- ધર્મથી રાજ્ય મળે, સુખ સાહ્યબી, રિધ્ધિ-સિદ્ધિ મળે તેમ કહેવાની સાથે જ ઉપદેશ કે કહેવું જોઈએ, કે તે મળ્યા પછી જો તે ગમી જાય તો નરક અને તિર્યંચરૂપી દુર્ગતિમાં ગયા વગર ચાલશે જ નહિં - આ ન કહેનાર ઉન્માર્ગ દેશક છે.
- 'હું આમ કહું છું' તેમ કહી, પોતાને યોગ્ય લાગે તે કહેવાનો હક્ક આ શાસનમાં કોઈને નથી. આ શાસનમાં તો શાસ્ત્રનો જ અભિપ્રાય ચાલે.
- સંસાર એ મહાભયંકર રોગ છે. મોક્ષએ આત્માની સંપૂર્ણ આરોગ્યમય દશા છે. ધર્મ એ સંસાર નામના રોગથી મુક્ત થવા માટે ભગવાને બતાવેલ ઔષધ છે. સંસારના સુખોની ઈચ્છા અને તેનો ભોગવટો એ કુપથ્ય છે. જેમ જેમ કુપથ્યનું સેવન થાય તેમ તેમ રોગની વૃદ્ધિ થાય જ.
- જે સાધુસાધ્વીને દહાડામાં ૫-૫૦ વખત મોક્ષ યાદ ન આવતો હોય તે તમારા (સંસાર રસિક જીવો) જેવા છે અને અસંખ્ય અનંતકાળ પણ કદાચ સંસારમાં ભટકવાના.
- સમજેલો તેને જ કહેવાય કે જેને સમજ્યા પછી શક્તિ મુજબ વ્રત ગ્રહણ કરવાનું મન થાય અને અધિક ન લઈ શકાતુ હોય તેનું તેને દુઃખ થાય.
- શલ્યરહિત બની ગુરુચરણે શિર ઝૂકાવી પ્રગટ પણે પાપનું વર્ણન કરીને આલોચના લેવાથી આત્મા પાપથી હલકો બને છે.
- દર્શન મોહનીયનો ક્ષયોપશમ એટલે શું બોલાય અને શું ન બોલાય, શું કરાય અને શું ન કરાય, શું વિચારાય, તેની સમજ. આ ક્ષયોપશમ જેને ન હોય તેના બીજા બધા ક્ષમોપશમ તેને મારનારા - સંસારમાં રખડાવનારા ક્ષયોપશમ બને.

- જેનો ધર્મ જોઈને બીજા ધર્મ પામી જાય તેવા ધર્મીને ધર્મ પરિણમ્યો કહેવાય.
- શ્રાવકધર્મ પણ મોક્ષસાધક યતિધર્મ પામવાની ઈચ્છા અને તાકાત મેળવવા માટે જ થતો હોય, તો જ તે ધર્મ. નહિંતર ધર્મ નહિં.
- જેને સાધુ થવાની તીવ્ર લાલસા ન હોય તે સાચો શ્રાવક બની શકે જ નહિં.
- જિનમૂર્તિ, જિનમંદિર, જિન-આગમ અને આ ત્રણને હૃદયપૂર્વક - સમજપૂર્વક - ભક્તિપૂર્વક માનનારા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા આ સાત સુપાત્રો છે.
- સાધુ એટલે મૂર્તિમંત હાલતો ચાલતો ધર્મ. સાધુ એટલે મોહની સામે, કર્મની સામે, કર્મના પક્ષકાર સામે સદા લડનારા.
- પહેલા ગુણઠાણાથી મોક્ષનું અર્થીપણું શરૂ થાય છે. ચૌદમે ગુણઠાણે તેની ઈચ્છા પૂરી થાય છે.
- મોક્ષનું અર્થીપણું સતત જોઈએ. નિરંતર જોઈએ મોક્ષનું અર્થીપણું ક્યારે આવે ? સંસાર ઉપર, સંસારના સુખો પર ઉદ્વેગ આવે ત્યારે.
- ગૃહસ્થોની સંસારની વાતો સાંભળે અને સાચી માને તે સાધુ પણ ગાંડો થાય.
- સંસારનું સુખ મેળવવા જેવું લાગે તેને મિથ્યાત્વ લાગ્યા વગર રહે નહિ.
- વિરાગની યોનિ દ્વેષ અને તે દ્વેષ સંસારના સુખ ઉપર કરવાનો છે.
- શરીર એ વળગાડ છે એમ લાગે તો ઈન્દ્રિયો ઉપર ઉદ્વેગ આવે, તેને પોષવાનું મન થાય.
- શરીર એ ભાડાનું ઘર છે. જરૂર પૂરતુ જ સાચવો.
- શ્રાવકને કર્મના યોગે ભોગ ભોગવવા પડે પણ તે શરીરથી, મનથી નહિં.
- વેપારમાં અનીતિ એ મોટું દૂષણ છે. ઉધાર વેપાર કરવો તે લોભીનું લક્ષણ છે.
- સંસારમાં પણ સારો વ્યવહાર - સારું જીવન કોણ જીવી શકે ? મોક્ષમાં જવાની ઈચ્છાવાળો જ. બીજી કોઈ પણ ઈચ્છાવાળો સારો બની શકે નહીં, કદાચ બને તો બન્યા પછી ટકી શકે નહીં.
- જુઠું બોલી શકાય, ચોરી પણ કરી શકાય આવું મનથી માનનાર ગમે તેટલો ધર્મ કરે તો પણ તે માયા છે અને પાપ બંધાવનાર બને છે ! તેવાના ધર્મથી ધર્મ નિંદાય છે શાસન નિંદાય છે અને તેથી વિશેષ ભારે પાપ બંધાય છે.
- જગત હંમેશા પાપી જ હોય, તેમાં જ ધર્મીએ જીવવાનું અને ધર્મ કરવાનો છે.
- કારખાના ખોલી બેઠેલા શ્રાવકો પોતે સારુ કર્યું તેમ માનતા હોય તોતે મહાપાપી છે.
- આરંભ અને પરિગ્રહ એ પાપ છે, અને સંસારમાં તેના વગર જીવાતું નથી માટે જ સંસાર છોડવા લાયક છે, રહેવા લાયક નથી.
- જૈનશાસન એવું છે કે તેને પામેલો જીવ સુખમાં પણ આત્મકલ્યાણ સાધે અને દુઃખમાં પણ આત્મકલ્યાણ સાધે.
- જે મંદિરનો વહીવટ સાધુ કરતા હોય તે મંદિરમાં દર્શન કરવા જવું તે પાપ છે એમ શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે.

- દર્શન મોહનીય કર્મ ધર્મને અધર્મ મનાવે. અધર્મ ને ધર્મ મનાવે તેવું છે.
- વ્યાખ્યાન એટલે લોકોના હૈયામાંથી સંસાર કાઢી અને ધર્મ ઘાલી દેવાની ક્રિયા !
- દરેક તીર્થંકર ભગવંતો એ પોતાની દેશનામાં સર્વપ્રથમ સંસાર અસાર કહ્યો છે. તે પ્રમાણે વ્યાખ્યાનકારે પણ સંસારની અસારતા જ પ્રથમ સમજાવવાની છે, સંસારની અસારતા એટલે સંસારનું સુખ અસાર છે, દુઃખ તો સર્વે અજ્ઞાન જીવોને પણ અસાર જ લાગે છે.
- શ્રાવક, પ્રવચનકુશળ હોય. એટલે સૂત્રનો જાણ હોય, અર્થનો જાણ હોય, વ્યવહારનો જાણ હોય અને નિશ્ચયનો જાણ હોય. ઉત્સર્ગનો જાણ હોય અપવાદનો જાણ હોય.
- શ્રાવક એટલે સંસારમાં 'સમજું' જીવ.
- સંસારનું સુખ કે દુઃખ જે આત્માને બહુ અસર ન કરે તે ધર્માત્મા !
- 'ક્રોધ માન માયા લોભ' આ ચાર કષાયો જેને ખરાબ ન લાગે તેને તે અનંતાનુબંધીના હોય અને તેવો આત્મા સમકિત પામે જ નહિ.
- પુણ્યોદય બધાએ ભોગવવા લાયક નહિં. પુણ્યોદય બધો ભોગવવા લાયક નહિં. પુણ્યોદય વિવેકીને જ ફળે.
- બધાને સુખ આપવું અને સુખી કરવા તે કોઈથી ન બની શકે પણ કોઈને દુઃખ ન આપવું તે બની શકે માટે તેને 'ધર્મ' કહ્યો છે.
- ષટ્કાય જીવની હિંસા એ અવિરતિ.
- અવિરતિ ખરાબ ન લાગે તે જ મિથ્યાત્વ છે.
- કઠોર વચનો શ્રાવક પણ ન બોલે તો પછી સાધુ તો ક્યાંથી બોલે ?
- સ્વાધ્યાય ન હોય તો વૈરાગ્ય ટકે નહિં.
- સાધુ એટલે ધર્મની મૂર્તિ ! તે ન કરવા લાયક કામ કરે તો પછી કેમ બચે ?
- સુખમાં વિરાગી રહેલા જ દુઃખમાં સમાધિ રાખી શકે.
- રોજ નવુ નવુ ભણવું તે તીર્થંકર નામ કર્મ બાંધવાનું એક સ્થાન છે.
- સમજેલા માતાપિતા પોતાના સંતાનોને ધર્મનું જે શિક્ષણ, ધર્મની જે સમજ આપી શકે તે ભાડૂતી માણસો ન આપી શકે.
- સ્વાધ્યાય કરવો એટલે પોતાના આત્માને પોતે જ હિતશિક્ષા-શિખામણ આપવી.
- જે ભણેલા ક્રિયામાં આળસુ તે ભણેલા પણ નહીં ભણેલા સમજવા.
- ધર્મનાં અર્થીપણા માટે સંસારનો ઉદ્વેગ અને મોક્ષની રૂચિ અતિ આવશ્યક છે.
- સ્વાધ્યાય કરનારો -
- તપ ક્રિયા આદિમાં ઉદ્યમી હોય,

- દેવપૂજા અને ગુરુવંદનાદિમાં પણ ઉદ્યમી હોય.
- આલોક સંબંધી કે પરલોક સંબંધીની કોઈ પણ બાબતમાં અતિ આગ્રહી ન હોય.
- ભગવાનની વાણી સાંભળવામાં બહુ રૂચિવાળો હોય.
- જેણે દેવ, ગુરુ, માતા, પિતા આદિ વડીલોનું માન્યુ નથી તેનું કોણ માનશે ? વિનય નહીં કરનારનો વિનય કોણ કરશે ?
- સમકિતીના ત્રણ લિંગ -
  - શુશ્રુષા - નવું સાંભળવાની રોજે રોજ ઈચ્છા હોય
  - ધર્મરાગ - ધર્મ કરતાં સંયમનો રાગ પોષતો હોય.
  - દેવગુરુની વૈયાવચ્ચ - સંસારનું ગમે તેવું કામ પણ મૂકીને દેવગુરુની વૈયાવચ્ચ આદિમાં દોડતો જાય.
- સમ્યગ્ દર્શન એક એવો આત્માનો ગુણ છે કે તે આત્માને સંસારમાં સુખે રહેવા ન દે અને આત્મકલ્યાણ માટે, સંયમની પાલના માટે, ઘોર કષ્ટો પણ સહન કરવાની તાકાત આપે.
- જેને સુખનો રાગ ન ગમે અને દુઃખનો દ્વેષ ન ગમે તેને જ ખરેખરો રાગ દેવગુરુધર્મ ઉપર હોય. જેમ સતી એનું જ નામ કે જેને પોતાના પતિ સિવાય બીજું કોઈ ન ગમે તેમ સમકિતી એનું જ નામ જેને દેવ-ગુરુ-ધર્મ સિવાય કોઈ ન ગમે.
- જેને દેવ-ગુરુ-ધર્મ બહુ ગમે તેને સંસાર ગમે ?
- સંસાર ઉપર જુગુપ્સા ભાવ આવે તેનું નામ 'ભાવધર્મ'
- જેમ કમળ પાણી અને કાદવમાં ઉત્પન્ન થવા છતાં તેનાથી અલગ રહે તો જ ખીલે. તેમ આત્મા પણ સંસાર રૂપી પાણી અને ભોગ રૂપી કાદવમાં ઉત્પન્ન થયો હોવા છતાં તેનાથી અલગ રહે તો જ આત્મકલ્યાણ સાધી શકે.
- મોક્ષ સિવાય બીજું કાંઈ જોઈતું હોય, અને તે ખરાબ ન લાગે તો તે સાધુ સાધુ નહિં અનેશ્રાવક, શ્રાવક નહિ.
- દુનિયાની કોઈ પણ સારી ચીજ પર કે વ્યક્તિ પર રાગ થાય તે પાપોદય કહેવાય.
- કષ્ટ સારી રીતે વેઠવું તેનું નામ ધર્મ છે.
- દુઃખ આપણા કર્મને લઈ જવા માટે આવે છે. જો વેઠતાં આવડે તો !
- શ્રાવકને ધર્મ કરતાં કરતાં સાધુપણાનું મન ન થાય તો પોતે માને કે હું ધર્મ જ કરતો નથી.
- મોક્ષનો અર્થી સંસારના સુખની કોઈ સામગ્રીનો ભીખારી ન હોય.
- ક્રોધ માન, માયા, લોભ, રાગ, દ્વેષ આપણા શત્રુ છે. તેનેજ સમજુ આત્મા મિત્ર બનાવે છે.

- વિષયો અને કષાયો મોટા પ્રમાદ છે.
- જેના વિષયો ઘટે નહિં તેના કષાયો કદી ઘટે નહિં.
- સમ્યક્ત્વ એક એવી ચીજ છે જે આખા સંસારને ભૂંડો મનાવે.
- સુખ મળે ને આનંદ થાય તે સંકલેશ.
- દુઃખ મળે ને દુઃખ થાય તે સંકલેશ.
- સમકિતને આવતું રોકનાર અનંતાનુબંધીના ક્રોધ-માન-માયા-લોભ બેઠા છે તે છે.
- અરિહંતનો સાધુ એટલે જગતમાં જેની જોડ ન મળે તેવો જીવ.
- સંસારના સુખનો અર્થી દુર્ગતિમાં જાય. આત્માના સુખનો અર્થી-હિતનો અર્થી સદ્ગતિમાં જાય.
- સંસારની બધી સારી ચીજો આત્માને લોભાવીને પાપી બનાવીને દુર્ગતિમાં લઈ જાય.
- અભવિ, દુર્ભવિ અને ભારે કર્મી ભવિને ભગવાને કહેલી મોક્ષની વાતો સમજાય જ નહી.
- ધર્મી પાસે ડૉક્ટર આવે તે પણ ધર્મ પામી જાય.
- સંસારના સુખ છોડવાની તૈયારી અને દુઃખ વેઠવાની તૈયારી એ ધર્મ પામવાનું અદ્ભુત લક્ષણ છે.
- જે ધર્મ મોક્ષ સુખ આપે તે ધર્મ, પોતાના સેવકને કદી દુઃખી કરે ?
- એક સાધુ કે એક શ્રાવકની આશાતના કરનારા અનંતા તીર્થંકરોની આશાતના કરનારા છે.
- ખરાબ ચીજને સારા સંયોગો મળે તો સારી થઈ જાય અને સારી ચીજને ખરાબ સંયોગો મળે તો ખરાબ થઈ જાય માટે સારી ખરાબ ચીજ ઉપર રાગ-દ્વેષ ન કરવા જોઈએ.
- ભૂતકાળના અનુબંધોને કારણે ધર્મ સમજવાનું અને આરાધવાનું મન જ થતું નથી તે અનુબંધી તોડવા માટે જ પ્રયત્ન કરવો તેજ ખરે ખરો ધર્મ છે.
- સંસારની જેટલી અનુકૂળતા તે બધા દુર્ગતિના દરવાજા.
- જેને ભગવાનની વાત ગમી તે જ ભગવાનની કૃપા.
- માર્ગાનુસારીતા પણ ભગવાનની કૃપાથી જ પ્રાપ્ત થાય છે, તેમ શાસ્ત્રમાં કહેલુ છે. એટલે ભગવાનની આજ્ઞા જેને ગમે અને તેનું પાલન કરે તેનામાં જ માર્ગાનુસારીતા આવી તેમ કહેવાય.
- ધર્મની ક્રિયા એ તો સાધન છે, ધર્મ તો આત્માના-મનના પરિણામ છે.
- પોતાને ધર્મ ગમ્યો છે તેની ખાતરી જ એ કે - તેને પોતાના બીજા સ્નેહી-સ્વજનને ધર્મ પમાડવાનું મન થાય.
- જેને અધર્મ ઉપર દ્વેષ નથી તેને ધર્મનો રાગ છે એમ કહેવું તે ખોટું છે.

- સંસારના સુખનો લોભી કોટિપતિ પણ આજે ભૂતની માફક રખડે છે.
- બીજાના સુખ માટે પોતે દુઃખ વેઠે તેનું નામ ધર્મી.
- ધર્મ પામ્યો ત્યારથી દિવસે-દિવસે પોતેસારો થતો ગયો કે બગડતો ગયો તેવિચારવા જેવું છે.
- મરવાનો ભય તો મુર્ખાને હોય, ભય રાખે તે મરે નહિં એવું બને ખરું ?
- મજેથી મરું એવી ઈચ્છા દરેક સાધુ અને શ્રાવકને હોય.
- ધર્મનું જ્ઞાન જવાથી ધર્મી, અધર્મી જેવો થઈ ગયો છે.
- હૈયું બદલાય નહીં ત્યાં સુધી ધર્મ નહીં મળે.
- ધર્મથી જ સુખ મળે અને અધર્મથી દુઃખ જ મળે - આ વાત ઉપર શ્રદ્ધા ધરાવનાર ધર્મ કરે કે અધર્મ કરે.
- અધર્મ કરવાથી સુખ મળે છે અને ધર્મ કરવાથી સુખ મળે તેમાં તફાવત શું ? ભગવાને ધર્મ કરીને સંસારનું સુખ માંગવાની ના પાડી છે તે ભગવાનની આજ્ઞાને લાત મારી તે મોટામાં મોટું પાપ થઈ જાય છે. તે તફાવત.
- જૈન એટલે સારામાં સારું જીવન જીવનાર માણસ તે રાગને આધીન ન થાય દ્વેષને આધીન ન થાય, ક્રોધ, માન, માયા, લોભને આધીન ન થાય.
- એકલો આ લોકનો વિચાર કરે, પરલોકનો વિચાર ન કરે, પુણ્ય-પાપનો વિચાર ન કરે એ કાંઈ આદમી છે ? તે બધા મરી ને ક્યાં જશે ?
- સો ગાળ સાંભળી લે પણ ગાળ સામે દેવાની જેને ફૂરસદ નહિં, તેનું નામ ધર્માત્મા.
- વૈમાનિક દેવલોકમાં જવાની લાયકાતવાળાને સંસારના સુખની ઈચ્છા પેદા કરાવવી તે તેને નરકમં મોકલવાના પાસ આપવા સમાન છે.
- સંયોગવશાત કે કર્મવશાત કદાચ કંઈ ખોટું પણ કરવું પડે તો તે સારું લાગે છે કે ખરાબ ?
- તપમાં જેને આનંદ આવે તેને ખાવાનો આનંદ મરી જાય.
- દાનમાં જેને આનંદ આવે તેને પૈસાની આનંદ મરી જાય.
- શીલમાં જેને આનંદ આવે તેને ભોગનો આનંદ મરી જાય.
- ભાવમાં જેને આનંદ આવે તેને સંસારનો આનંદ મરી જાય.
- આશા ગઈ, ઈચ્છા ગઈ એટલે સુખ આવ્યું સમજો.
- ધર્મી એટલે કર્મને કાઢવાની મહેનત કરનારો,તે શક્ય હોય ત્યાં સુધી કર્મને આધીન ન થાય. તે શક્ય હોય ત્યાં સુધી કર્મનો સામનો જ કરે.
- શ્રાવક મળતાં સુખથી રાજી ન થાય પણ વધુ ચેતતો રહે.
- જ્ઞાનીની દૃષ્ટિ એ જેને સંસાર ગમે તે બુદ્ધિ વગરનો અને જેને સંસાર ન ગમે તે બુદ્ધિશાળી.

- જેને સંસારનું સુખ સારું લાગે તેની બે જ ગતિ છે. નરક અને તિર્યંચ
- ધર્મી અધર્મ કરે નહીં અને કરવો પડે તો રડતાં હૈયે કરે.
- સુખનો લોભ છોડવો દુઃખનો ડર છોડવો અને પાપથી ડરવું એ ધર્મીનું લક્ષણ છે.
- 'નમો અરિહંતાણં' બોલે અને સંસારને ભેટે આ બન્નેને મેળ છે ?
- તમે દેહને-શરીરને સુખ આપો છો તેના પરિણામે તમારે ઘણા-ઘણાં દુઃખો ઘણા વખત સુધી સહેવાના છે.
- શરીરને કષ્ટ આપવું એ પણ એક તપ છે.
- શરીરને જેટલું કષ્ટ આપીએ તેટલું આત્માનું કલ્યાણ થાય.
- શરીરને પોતાનું માને તે ધર્મી હોય ?
- સુખની સામગ્રી એટલે આત્માને પાયમાલ કરનારી વસ્તુ.
- અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, આદિ ગુણો પ્રગટ કરવાની અનંત જ્ઞાનીઓની આજ્ઞા મુજબનો પ્રયત્ન તેનું નામ ધર્મ.
- કર્મને આધીન થઈને કરાતો પ્રયત્ન તેનું નામ અધર્મ.
- બીજાનું જે ભૂંડું કરતો હોય તે સમજદાર ગણાતો હોય તો ય બેવકૂફ છે.
- સંસારનો કોઈ માણસ કહે કે હું સુખી છું તો જ્ઞાનીઓ કહે છે કે તે અજ્ઞાન છે.
- સાધુ કે શ્રાવક જે ધર્મ ચૂક્યો તે ગબડ્યો સમજો.
- સુખેથી જીવવું હોય અને સુખે મરવું હોય તેને અનંતજ્ઞાની ઓએ કીધેલું માન્યા વિના છૂટકો નથી.
- સંતોષી ન હોય તે શ્રાવક નહીં. સંતોષી જ શ્રાવક બની શકે.
- સંસારનો રસ એવો છે કે ભગવાનની આજ્ઞા ભૂલાવી દે.
- મોક્ષ જોઈએ તેમ બોલનારને સંસારનું સુખ ન ગમે તો તે સાચું બોલ્યો કહેવાય.
- સુખ જોઈએ છે અને મોક્ષ જોઈએ છે એ બન્ને વાતનો મેળ નથી.
- ભૂલ થઈ ગયા પછી પાછા નહિં ફરનારા મોટે ભાગે દુર્ગતિગામી જ હોય. હા ! એ પાપનું પ્રાયશ્ચિત કરનારા પાપથી બચી શકે છે.
- જે નીતિને કર્તવ્ય ન માને તેનો બીજો ધર્મ, ધર્મ જ નથી.
- ભવ્ય જીવોને પણ મોક્ષ યાદ આવે તો ભવ્યત્વ ખીલે, નહિંતર તો એક પુદ્ગલ પરાવર્ત ભટક્યા જ કરવાનું.
- સંસારના સુખની સામગ્રી જેને બહુ ગમી ગઈ તે માર્યો સમજો.

❀ ધર્મી સંસારનાસુખો મેળવવાની પાછળ પડે ખરો ? ધર્મી તો સંસારના સુખો છોડવાની મહેનત કરે.
❀ સુખ ગમે તેમ મેળવાય અને દુઃખ ગમે તેમ કઢાય આનું નામ પણ અનીતિ છે.
❀ આપણને કોઈ બહુ રૂપાળા કહે તો તે તો અરીસામાં જોવાથી જ ખબર પડે ને ? તેમ આપણે સારા છીએ કે નહિ તે અનંતજ્ઞાની રૂપી અરીસોજ બતાવી શકે.
❀ રોજ જેને મોક્ષમાં જવાની ઈચ્છા થાય તે મુમુક્ષુ.
❀ એકલો ધર્મ જ કરવો હોય તોતે માનવજ કરી શકે.
❀ સુખ છોડે તે સાધુ અનેસુખ ન છોડી શકાતા ન છૂટકે ભોગવે તે શ્રાવક.
❀ અભવ્ય આત્માઓને આત્મા પોતે જ અનંતસુખનો ભંડાર છે તે વાત મગજમાં બેસે જ નહિ.
❀ મોહનો આત્મા ઉપરના અધિકારનો નાશ, પાપની ભયંકરતા-તેના વિપાકો સમજાયા વગર ન થાય.
❀ પઠાણનો દેવાદાર દેવું ન ચૂકવાય ત્યાં સુધી નિરાંતે ખાઈ-પી સૂઈ શકે નહિં. તેમ અનંત કર્મોનો દેવાદાર આત્મા સુખ કેમ માની શકે ? પઠાણ કરતાં પણ કર્મ વધુ જબ્બર લેણદાર છે.
❀ અસત્ય બોલવું નહિં, વિના હક્કનું કોઈનું લેવું નહિં, પુણ્ય યોગે જ મળે તેમાં સંતોષપૂર્વક જીવવું તેનું નામ નીતિ.
❀ ભગવાનને એવા મૂર્ખ માનો છો કે તમે પાપ કરો છતાં ભગવાનને હાથ જોડો એટલે ખુશ થઈ જાય ? ભગવાનને હીરાનો હાર ચઢાવો એટલે ખુશ થઈ જાય ?
❀ જે ભગવાન આગળ પણ પાપ રૂવે નહિ, જે ગુરુ આગળ પણ પાપ રૂવે નહિ, જે એકલો ખાનગીમાં પણ પાપ રૂવે નહિ તેને અને ધર્મને લાગે વળગે શું ?
❀ ધર્મી એટલે વિવેકી જે પોતાને બરાબર ઓળખે. જે પોતાને ન ઓળખે તે બીજાને ઓળખે ખરા ?
❀ સંસાર પાપ વગર ન જીવાય એવો છે અને પાપ દુઃખ આપ્યા વગર રહે નહિ.
❀ જ્યાં સુધી પૌદ્ગલિક સુખ ઉપરનો રાગ ઓછો ન થાય ત્યાં સુધી ભગવાન પણ તેનું ભલું ન કરે.
❀ સમાધિમરણ પામવાની ભાવનાવાળાએ જો પોતાના કુટુંબમાં અધ્યાત્મના સંસ્કાર આપ્યા હશે તો જ તે અંતિમ સમયે સમાધિ આપવામાં સહાયક થશે.
❀ અધ્યાત્મ પામેલો અધ્યાત્મની કોઈ ક્રિયામાં સંતોષી હોય નહિં. જે કરે તે ઓછું જ લાગે.
❀ સંસારના સુખનો રસિયો એટલે પાપનો પૂજારી.
❀ ધર્મ ય કરે અને અધર્મ મજેથી કરે તે બને ? જે અધર્મ મજેથી કરે, તે ધર્મ મજેથી કરે નહિં તે સમજી લેવું.
❀ જેને જે ચીજ જોઈતી હોય તે માટે તે ધર્મ કરે, એમ કેમ મનાય ? એમકેમ કહેવાય ? દારૂડિયા દારૂ જોઈએ, વાંઢાને બાયડી જોઈએ, દુશ્મન બનેલાને મારવાની ઈચ્છા હોય તો તે માટે ધર્મ થાય ખરો ? આવું માને તે સંસારમાં પણ ચાલે નહિં ત્યારે ધર્મમાં કેમ ચાલે ?
❀ ધર્મી એટલે જેવો કાળ ચાલે તેમ ચાલે તેમ નહિ. પણ કાળની સામે થઈને ચાલે તે ધર્મી.

- ગાંડાઓને કે સંસાર રસિયાઓને ગમે. તેવુ સાધુ બોલે નહિં.
- કર્મ લઈ જાય ત્યાં જવું છે કે કર્મને ધક્કો મારીને સારી જગ્યાએ જવું છે ?
- સર્વધર્મ સામગ્રી સંપન્ન માનવ ભવમાં પણ ધર્મસામગ્રીને સફળ થવામાં અંતરાય - ભૂત કોઈ હોય તો તે સંસારના સુખની સામગ્રી છે.
- સારી રીતે ધર્મ આરાધતાં આરાધતાં પુણ્યના યોગે સંસારના સુખની સામગ્રી પણ વધતી જ જવાની, પણ, તેમાં ફસાયા એટલે જેમ કાંઠે આવેલું જહાજ ડૂબી જાય તેમ મુક્તિ દૂર થઈ જાય અને આપણો સંસાર વધી જાય.
- છતી શક્તિએ ધર્મ કરવાનું મન ન થવા દેનાર કોઈ હોય તો ફક્ત અનુકૂળતાનો ગાઢો રાગ છે.
- અતિચાર જાણવા જેવા છે પણ સેવવાના નથી, નહિંતર ત્યાગનો વેષ રહી જાય અને રાગનું નાટક ચાલે.
- પૈસો મેળવવા જેવો નહિ. પૈસો નીતિથી પણ મેળવવા જેવો નહિ. પૈસો મેળવવો પડે તો નીતિથી જ મેળવવો એમ જ્ઞાનીઓએ કહ્યું છે.
- મરજી મુજબ જીવવાની ઈચ્છા એ મોટામાં મોટો અધર્મ છે. જ્ઞાની ભગવંતોની આજ્ઞા મુજબ જીવવાની ઈચ્છા મોટામાં મોટો ધર્મ છે.
- સાચી વાતની પક્કડ એ જીદ્દ નથી પણ સદાગ્રહ છે, ખોટી વાતની પક્કડ એ જીદ્દ્ અને કદાગ્રહ છે.
- સંસારથી ગભરાય તેનું નામ જૈન, સંસાર ક્યારે છૂટે એવું જેને થાય તે જૈન.
- પંદરમું પાપ રતિ-અરતિ એટલે સંસારના સુખ ઉપર રાગ કરવો અને દુઃખ ઉપર દ્વેષ કરવો એ પાપ છે. તો પછી જે સુખ ઉપર રાગ થાય તે પાપ કહેવાય છે તે સુખ માટે ધર્મ થાય ? ન થાય.
- થોડો પણ વિધિ મુજબ, આજ્ઞા મુજબનો ધર્મ, મહાફળ આપનારો બને છે.
- જ્યાં સુધી મોક્ષમાં જવાની તીવ્ર લાગણી પેદા ન થાય ત્યાં સુધી ખરેખરો ધર્મ થાય જ નહિ.
- મિથ્યાત્વની હાજરીમાં કરેલો ધર્મ નિષ્ફળ જાય છે, નુકશાનકારક થાય છે, તેમ લાગે છે ?
- રાગાદિ ભૂંડા ન લાગે તે મિથ્યાત્વી કહેવાય.
- પાંચમાં આરાના જીવોના રાગાદિ સર્વથા નાશ ન પામે અને સર્વથા નાશ ન પામે તેને કેવળજ્ઞાન ન થાય.
- સંસાર દુઃખમય છે માટે જ્યારે દુઃખ આવે ત્યારે વિચારવું કે સંસારમાં દુઃખ આવે જ, માટે દુઃખ આવે ત્યારે મજામાં આવી જવું કે જેથી પાપ ખપી જાય.